રમૂજી સંગીતમાળા સિરીઝ ૩ જી

હતો કૂંવારો આજ લગી હું, પરણ્યાનું દીલ થાતુતું,
પરણેલાને નજરે જોતા, હૈડું તો હરખાતુતું,
ઘર દુકાનો વેચી દૈને, રૂપીયા સો ભેળા કીધા,
લાડીજીને હોંસે મળવા, ફરજે કૈ થોડા લીધા.

(મુબઇની શેઠાણીમાંથી)

રમૂજી-સંગીતમાળા

પ્રયોજક અને પ્રકાશક—

ગોર અંબાલાલ છગનલાલ જ્હેરા.

શીકા—(સ્ટેટ-ઈડર) મહિકાંઠા.

વિક્રમાબ્દ ૧૯૮૦ મત ૨૦૦૦ ખ્રિસ્તાબ્દ ૧૯૨૪

આવૃત્તિ ૩ જી.

કિંમત— { ગ્રાહક માટે ત્રણ આના. / સ્ટેક નકલના ચાર આના.

વસ્તુ સુચન

આ રમૂજી સંગીતમાળાનાં ગાયનો ગાતા પહેલા તમારા કંઠસુર અને તાલપર કાબુ મૂકજો, તબલા સારંગી-ની આ ગાયનોમાં કશી જરૂર નથી. ઘણીવાર અને ઘણા પુસ્તકોમાં હું જ્હેરો છું. તેમ છપાવ્યુ છે. તોપણ આપને મારો પરિચય ન હોય તો ક્ષમા કરશો. આ ગાયનો સ્નેહ-મંજરી, મુંબઈની શેઠાણી, મણીકાન્ત કાવ્યમાળા અને રા. રા. મણીશંકર દેવશંકર વ્યાસ (સાણંદ સ્કુલના ૧ લા એસિસ્ટંટ) કૃત સાહિત્યોમાંથી લેવામાં આવ્યાં છે તો ત્હેના મુળ લેખકોનો પણ આભાર માનું છુ. આ બુકમાં રા. રા. ભાઇ મણીશંકર રચીત પ્રેમ પ્રેમ ને પ્રેમ વિગેરે અડધા ભાગનાં કાવ્યો ત્હેમની પાસેથી મેળવ્યાં છે તેઓ એક સાહિત્યના વિલાસી અને કાવ્યત્વશક્તિનું ઠીક ઠીક જ્ઞાન ધરાવે છે, જુના સાહિત્યના સોરઠાઓ વાંચવા કરતાં નવી ચમત્કુતીનાં આવાં કાવ્યો, વાંચવાથી ગૃહશૃંગાર અને મગજશક્તિમાં ઔર વધારો થાય છે. એજ અરજ

વિજયા દશમી
વિક્રમાબ્દ ૧૯૮૦

આપનો
મીર અંબાલાલ છગનલાલ જ્હેરા
વડગામ. (મહિકાંઠા)

ફેશનમાં ફસેલીના અંતરોદ્ગાર.

(અંગ્રેજી બારમાસી)

(ઝીણા ઝરમર વરસે મેહ ભીંજે મારી ચૂંદલડી એ રાગ)

જાન્યુઆરીમા જૉલી[1] ડીયર[2], પિયર તજાવી લાવ્યા રે,
હરનીશ મુજ સમીપે રહેતા, મ્હારા મનને ભાવ્યા,
સુણહો સાહેલી ૧

ફેબ્રુઆરીમા ફેરફાર હા ! મુજ જીવનનો થાતોરે,
સુધારાના ગણી હીમાયતી, કરે સૌ અમારી વાતો,
સુણહો સાહેલી ૨

મારચમા હુ માર્ચજ[3] કરતી, પતિ સંગાથે રસ્તે રે,
સ્ટીકની[4] બીક વિસારી દૈને, કરતી જોકીંગ[5] હસ્તે,
સુણહો સાહેલી. ૩

એપ્રીલમા અંગ્રેજી શીખી, અનુભવી થઇ પુરીરે,
હોટલ બોટલની થઇ ગ્રાહક, જુની રીતો છુરી,
સુણહો સાહેલી. ૪

---

૧ આનંદી ૨ ધણી, ૩ કુચ ૪ સોટી ૫ મશ્કરી

મે માં મે પોલકાં સીવડાવ્યા, સાડી રેશમી લાવીરે,
છત્રી ચશ્મા સુઝ[1] વૉચથી[2], વ્હાલાને મન ભાવી,
સુણુહો સાહેલી ૫

જુનમા જૂસમ[3] પતિને ગણુતી, યૌવનમદમા ફાલીરે,
સુધરેલ પતિના સહેવાસે મે પીધી ફેશનની પ્યાલી,
સુણુહો સાહેલી ૬

જુલાઈમા જુની ચીજો દઇ, ન્યુ ફરનીચર લાવ્યારે,
ફેશનવાળુ લોહકાષ્ટ દઈ ધાતુપાત્ર તજાવ્યા,
સુણુહો સાહેલી. ૭

ઑગસ્ટ માસે ઓરચેસ્ટાની[4] ટીકીટે નાટકમા જાતારે,
યૌવન રસ રેલાવા ખાતર મદીરા[5] પીને પાતા,
સુણુહો સાહેલી ૮

સપ્ટેમ્બરમાં સજ્જન ફેશન, બધા રહ્યા બધાઇરે,
મોટરથી નંદનવન જાતાં, કરીને ખુબ સફાઈ,
સુણુહો સાહેલી. ૯

અકટોમ્બરમાં ઓટલા ઉપર, લઇ બીલો સૌ આવ્યા,
પોઝીશનની[6] મૂર્તિ રૂપ મે પ્રથમ સૌને અડાવ્યા,
સુણુહો સાહેલી. ૧૦

નવેમ્બરમા ન મળે નાણું, ડીયર પ્રીયરમા પડીયારે,
ઘર જર ફર્નિચર અર્પીને, મહાન શોકમા પડીયા,
સુણુહો સાહેલી ૧૧

---

૧ બૂટ ૨ ઘડીઆળ ૩ માથામા રહેતું જાનવર. ૪ નાટકના પહેલા ક્લાસની ટીકીટ ૫ દારૂ. ૬ ફ્રવાબ

ડીસેમ્બરમા ડાહ્યા થઇને, પડત ન પૉઝીશનમારે,
ધર્મ કર્મ કીર્તિ ગુમાવી, બુરાઈ ઈમીટેશનમા,
સુણહો સાહેલી ૧૨

*   *   *   *

હાલતો ડીયર પધારે પીયરમા, મીષ્ટર રહે છે મીલમા
બી એ બન્યા બળહીણુ હિંદે રહે પડયા મહેફીલમા
(સ્નેહમંજરી)

બેમાં જુઠો કોણ ?

બે માણસો બેઠા હતા વાતને તડાકે ચ્હડયા
એક કહે કૌતકમે નજરે નિહાળ્યુ છે

બાવાજીની બકરીએ બાર બચ્ચા સાથે જણ્યા
બાવાજીનુ બધુ દુઃખ બકરીએ ટાળ્યુ છે

સાત અશ્વ, ત્રણ ખર, ઉંટ એક, હાથી એક
એટલુ અવતરતા મે નજરે નિહાળ્યું છે

ખરને સુથારે લીધા રૂપિયા હજાર દીધા
ઉંટ ઘોડા હાથી સહુ કુભારે સભાળ્યુ છે.
(મણિકાન્ત કાવ્યમાળા)

લાડુ-ભટ્ટ વિષે.

જે કોઈ પ્રેમી અંશ અવતરે પ્રેમરસ (એ રાહ)

જે કોઈ લાડુ-ભટ્ટ અવતરે લાડુ રસ તેના મુખમા ઝરે,

૧

મોદક કેરૂ ઘૃત હોય તે બ્રાહ્મણ સુતને જરે,
વમળવશીને વમન કરાવ વેદવાણી ઉચ્ચરે લાડુ ૧

૨

લાડુ ભટ્ટનું લાડુ જીવન ભક્તિ અત્યંત કરે ચકિત,
એ દિવસ ઉપવાસ કરે પણ લાડુ ગજ ગોઠવે, લાડુ ૨

૩

ઉત્તમ મોદક મળે અન્યને તદાપ અર્થ નવ સરે,
દાળભાતનું જીવલડુ જ્યમ લાડુ ખાતા ડરે લાડુ ૩

૪

વિષ્ણુ તેજનુ પાન શુદ્ધજે બ્રાહ્મણ હોય તે કરે
વિપ્ર વિણુ તો ખાતે ખાઇને તરતજ લોટા ભરે લાડુ. ૪

૫

એમ કોટી મુખડીયો લેતા વિપ્રચિત્ત નવ ઠરે,
એને મન શ્રદ્ધા છે સાચી સૌને લાડુ ઉદ્ધરે, લાડુ૦ ૫

(ગુણસુંદરી-માસિક જુલાઈ સને ૧૯૨૪.)

પરણેલાનો પસ્તાવો.

(ઝેર ગયાને વેર ગયા એ રાગ)

શેઠ —

હતો કુવારો આજ લગી હુ પરણ્યાનુ ચીલ થાતુ તુ,
પરણેલાને નજરે જોતા હૈડુ તો હરખાતુ તુ ૧
ઘર દુકાનો વેચી દઇને રૂપિયા મે ભેળા કીધા,
લાડીજીને હોશે મળવા થોડા કરજે કે લીધા ૨
બેરી પરણ્યા શુભ લગનથી કોડ કર્યાં સઘળે પુરા,
સુખ સઘળુ હોળીમા હોમ્યું ઇજ્જતના કીધા ચુરા. ૩
પરથમ આણે શાણી શાણી લાજ મહીં લચકાતાતાં,
સાથે ફરવાનુ હું કહેતો તો લાજ મહીં અચકાતાનાં. ૪
વચનો વદતા ધીરે ધીરે બોલી લાગે બહુ સારી,
મે જાણ્યું જે કામ થયું છે, સદ્‌ગુણી પરણ્યો નારી ૫
પછી પધાર્યાં ત્રીજે આણે પ્લોટ સહુ બદલાયો છે,
બકરી જેને હું ગણુતો તો, વાઘ થઇને આવ્યાં છે ૬
બે ત્રણ દિવસ થયા એટલે મકાનમા ખામી કાઢી,
આ ઘરમા હું નહિ રહેવાની કહીને રીસાયા લાડી ૭
હુકમને મે માનજ આપ્યુ ઘર બીજું ભાડે લીધુ,
દાગીના માટે વહાલીએ આમંત્રણ બીજું દીધુ. ૮

બોલ સાંભળતા હું ગભરાયો, તોપણ હિંમત મેં રાખી,
શું શું જોઇએ શાણી શામા મુખેથી દો ને ભાખી ૯
ઝાંઝર જોડી મ્હારે જોઇયે, એરીંગની જોડી લાવો,
રોલ્ડ ગોલ્ડનું લોકેટ લઇને વ્હાલાજી વ્હેલા આવો ૧૦
જોડી લાવો બંગડીયોની સાચા મોતીની સ્વામી,
સાડી કસબી લાવો જેવી પહેરે છે મારી મામી, ૧૧
તર્ત તડાકો મેં તો કીધો, પાઇ નથી પાસે મ્હારી,
સઘળું વેચીદેવું કીધું, ત્યારે પરણ્યો છું નારી ૧૨
સુણતા વ્હાલી વીલા પડીયા, તર્ત તાડુકો કીધો,
પરણી તમને તેમાં શું કાંઇ મ્હોટો મેં ગુન્હો કીધો. ૧૩
મેં માગ્યું તે મારે જોઇયે તેમાં કાંઇયે નહીં ચાલે,
થઇ ભીખારી કેરી નારી તે તો આ હૈડે સાલે ૧૪
વાટ્રી વિણ ઘડીયે નહીં ચાલે મનમાં લેજો વિચારી,
સ્ટાઇલ ગધી હું બનવાનું તે માટે સમજો સારી. ૧૫
દુનીયા આખી સુધરી ત્હોયે આપ રહ્યા હમ્બગ જેવા,
હાળ થઇ માટે સીધાવો આહને મગ્યા લેવા, ૧૬
ધાર્યા માફક ગણવા લાગી ઓર્ડરથી અકળાવે છે
નવા નવા બુટ્ટા ઉઠાવી આંતરડી કકળાવે છે ૧૭
તુર્ત રોકડો જવાબ દે છે કદી જરા હું ગુસ્સે થાઉં,
વેરીસારી ઓ માય હસ્બંડ આઇ એમ, ગોઇંગ પિયર જાઉં. ૧૮

ગયો જમાનો જૂનો ચાલી ફેશનમા વ્હાલા મહાલો,
દાગીનો જુના વેંચી દઈ નાટક જોવાને ચાલો ૧૯
ટેલીફોનથી ટીકીટ કરાવો ફર્સ્ટકલાસ રિઝર્વ્ડ વહાલા,
અપટુડેટ બનીને ચાલો વિચાર શા કરવા ઠાલા ૨૦
એ પરણેલાનો પ્રસ્તાવો સાભળજો નરને નારી,
ધન્ય ધન્ય જે પામ્યો છે નારી સદ્‌ગુણ સંપન્ન અને સારી. ૨૧
(મુબઇની શેઠાણીમાથી)

સુધરેલાના સંતાપ.

(રાગ–ગઝલ)

સુણો સાથી સુધારાના, અરે સૌ આહી આવોને,
તમારા ભાષણે ભૂલ્યો, હવે રસ્તો બતાવોને સુણો. ૧
તમારા રાહ પર ચાલી, સુધારો ઘર વિષે ઘાલી,
પિધી મે ઝેરની પ્યાલી, તમે તેથી બચાવોને સુણો ૨
પ્રિયાને પોલકા લાવી, નવીન પોશાક પહેરાવી
ખરાબી ઘર વિષે આવી, હવે તેને હઠાવોને સુણો. ૩
પ્રિયા ઘર કાજને છોડી, ચઢાવી બુટની જોડી,
હવા ખાવા જતી દોડી, કહે “ નોકર વસાવોને ” સુણો. ૪
નથી હું કાઇ ભઠીયારી, નથી કાઈ કામ કરનારી,
હવે હકદાર હું નારી, નિયમસરનું બજાવોને સુણો. ૫

સુધારો આપણા માથે, નહીં ખાવા કરૂ હાથે,
પિયુજી રાધવા માટે, રસોયો એક લાવોને સુણો ૬
સુશોભીત ડ્રેસ લાવોને, સરસ ચશ્મા અપાવોને,
હુકમ મારો બજાવોને, મડમ મુજને બનાવોને સુણો. ૭
જવું ફરવા પગે ચાલી, સુધારાની નહીં ખ્હાલી,
તમોએ આપદા ટાળી, સરસ સાઈકલ અપાવોને સુણો ૮
બનું હું રાયની રાણી, જવુ નાટક વિષે જાની,
ટીકીટ લાવો તમાસાની, સુધારાને વધાવોને સુણો ૯
ઘણુ છે કામ તમ માથે, તમે નહિ આવશો સાથે,
ફુલાજી ફ્રેન્ડને માટે, બીજી ટીકીટ અપાવોને સુણો ૧૦
અદેખા શુ બનો એમા, ફુલાજી સાથ છે તેમા,
સુધારો છે રહ્યો જેમા જરા વિશ્વાસ લાવોને સુણો ૧૧
સુધારાના થયા સાથી પાછી ખટપટ કરો આથી.
કરે અજ્ઞાનીઓ હાસી કુધારાને હરાવોને સુણો ૧૨
સુધારો આ જુઓ સારો તમોને જે અતિ પ્યારો.
હવે લાગે મને ખારો ભલે ભપકો બતાવોને સુણો ૧૩
ખરચ પોસાય કેમ આવુ, રુસારો સાઠનો લાવું.
પ્રિયાને કેમ સમજાવું, જરા યુક્તિ જણાવોને સુણો ૧૪
રમોયો ક્યા થકી રાખુ, હૃદયનુ દુખ ક્યા દાખુ
નિમાસા હાય હુ નાખુ ક્યા નીલમા ધગવાને સુણો ૧૫

શોખીન થઇ છે નારી, જરાયે લાજ ના ધારી,
પતિ તો શાક તરકારી પતિ વૃતતો પળાવોને.—સુણો ૧૬
લજાવ્યા તાતને કૈયે, બનાવ્યા ભ્રાતને કૈયે,
ડુબાવ્યું કુળ હા કૈયે, ભલે મનને મનાવોને.—સુણો ૧૭
સુધારોએ ત્હમારો તો, ભલે તમને મુબારક હો,
અરે પસ્તાઉં છુ પુરો, પ્રભુ એથી બચાવોને,—સુણો ૧૮
સુણી શંકર કહે શાણા, ભવાડા આ સુધારાના,
મુણો ના કોપશો પ્યારા, અરે તનમાં ઠસાવોને-સુણો ૧૯
(મણીકાન્ત કાવ્યમાળામાંથી)

સુધરેલી સુંદરી.

(રાગ નાટકને.)

છોને કહે તુ છટકેલી પીટયા, મને છોને કહે છટકેલી
હુ તો ફેશનમાં ઘેલી બનેલી,
પીટયા મને છોને કહે છટકેલી ૧
ફ્રીયર તજીને ડીયરની સાથે, ગાર્ડનમાં જાઉં હું બ્હેલી,
પોલ્સનની ટી, અને દિલ્હીના બિસ્કુટ,
તાજા-તાજા ખાઉં હુ પહેલી-પીટયા ૨
સાટીનની સાડીયો, કસબી ભરેલી કોર,
સ્વપ્ને ન કોઇએ દીઠેલી,
ગોલકાં ને ચોળીયોનો પાર નથી મારે,
ફ્રેન્ડોએ પ્રેઝંટ કીધેલી-પીટયા. ૩

નવસેરા હાર, સાચા મોતીના સુંદર,
ઝગડીયો માણેકે મઢેલી
બેની મોટરમા જાઉં હું ચોપાટી,
વિદ્યા હું પાકી ભણેલી-પીટયા ૪
(મુંબઇની શેઠાણીમાંથી)

વિદેશી ફેશનમાં તણાતા મિત્રને.

મારા હૈયા કેરો હાર (એ રાગ)

જોતા જોતા ફેશન મોહ તો, હિંદ જાતમારે,
ઊંચી નાનમા રે, જોતા જોતા—૧
વિદેશીઓની રીત સજીને, વ્હાલી સ્વદેશી રીત તજીને,
નિજ પ્રિયા સહ ચાલે ઇશ્કી વાટમારે જોતા જોતા—૨
ચશ્મા સ્ટીકને લઇ સંગાથે, હેટ ધરીને ચાલે માથે,
માત પિતાની સેવા કરતા લાતમારે જોતા જોતા—૩
વિસ્કીના ઇશ્કી થઈ મ્હાલે, ચીરૂટ વિના ઘડીયે નહિ ચાલે,
સાયકલ મોટરમા ફરતા ભલીભાતમારે જોતા જોતા—૪
લેમોનેડ સરાબને સોડા, ધર્મ કર્મ પર મારે જોડા,
નીજ માતાને વધાવી લેતા લાતમારે જોતા જોતા—૫
નીજ સ્ત્રિ સમીપે કાંઈ ના ચાલે, પોઝીશનની બહારમા માલે,
પ્રિયા તણી સેવામા ખરચે જાતનેરે જોતા જોતા—૬
દુધ સાકર મલાઇ તજીને, અભક્ષ્ય ભક્ષ કરે સજીને,
વહ્રી અનિતિમા ગણે ગુમાની જાતમારે, જોતા જોતા—૭
(સ્નેહ મંજરી)

૯૮૩

શેઠાણીની કથની.

(ગજલ.)

મને મુરખો મળ્યો સ્વામી, પડી છે સુખમા ખામી,
અરે હુ આપતિ પામી, કહુ શુ આપદા મ્હેની ૧
કરે નહિ ચાકરી ધધો, મુરખ થઇને ફરે અધો,
કરે છે અવનવા ફદો કહુ શુ આપદા મ્હેની ૨
પુરૂષો અન્ય ત્યા રમતા, અરે મુજ સ્વામી અથડાતા,
બળે છે ચિતમા ભડકા કહુ શુ આપદા મ્હેની ૩
કમાવા રીત ના જાણે, કહી મુજ વાત ના માને
ફરતુ નામ પરે પાણી, કહુ શુ આપદા મ્હેની ૪
પિતાના દામ સૌ ખાધા, કમાવા પર કીધી બાધા,
કરજના હા ? કીધા કાધા, કહુ શુ આપદા મ્હેની ૫
ગુમાવી ગાઠની કીંમત, ઉડાડી બાપની દોલત,
મળે ના અન્ન કે ઉદક, કહુ શુ આપદા મ્હેની ૬
નથી હા ? ધ્યાન ઘરબારે નથી કાંઈ ચિંતા વ્યવહારે,
ભટકતો ભુત એ મ્હારે, કહુ શુ આપદા મ્હેની ૭
અન્ન ઉધાર એ લાવે, લેવા સૌ દામ તો આવે,
નાડી દે દામ તે વારે, કહુ શુ આપદા મ્હેની ૮
કરી તકરાર વદે ભુડુ, પળે પળવારમા કુડુ,
જુવે ના આણથી રૂડુ, કહુ શુ આપદા મ્હેની. ૯

અરે અંતર પીડા રહેતુ વધારે કો નથી દેતું,
આવે જામીન સૌ લેતુ, કહુ શુ આપદા બ્હેની ૧૦
કપડા સ્વચ્છ ન રાખે, આનંદે ડફાસ તો ભાખે,
ખાવુ ફરવુ એટલુ ગાખે, કહુ શુ આપદા બ્હેની ૧૧
રૂપાળી આબરૂ દેખી, અરે અક્કલહીણો પેખી
દુખે હુ તન ગ્હી શેકી, કહુ શુ આપદા બ્હેની ૧૨
સજ્જન તહેવારના ટાણુ, જમી આનંદ સા માણુ,
સુખે એકાદશી જાણુ, કહુ શુ આપદા બ્હેની ૧૩
સ્નેહીઓ શોધતા આવે, પતિને તે નહી ભાવે.
દીવસ દુખમાહી વીતાવે, કહુ શુ આપદા બ્હેની, ૧૪
આવેલા જાણી સતાયે, ખવાડુ અન્ન હુ કયાંથી
અરે ભટકે અહીં તહીંથી, કહુ શુ આપદા બ્હેની ૧૫
પિતુ માતા ચ્હે મળવા, તો સ્વામી લાગે બડબડવા,
લાગે હા હિતવચન કડવા, કહુ શુ આપદા બ્હેની. ૧૬
અરેરે ભાવ ના પુછે, કહે ના સુખ-દુખ શુ છે?
શતો વચનો સુણી ગુસ્સે કહુ શુ આપદા બ્હેની ૧૭
નહી ખાવું નહી ન્હાવુ નકામા રાગથી ગાવુ
સફતનુ હોટલે ખાવુ કહુ શુ આપદા બ્હેની ૧૮
પિયરના લુગડા લાવુ, કદી જમવા સજી જાઉં,
નગ્ન એણે અરે ખાવું, કહુ શુ આપદા બ્હેની, ૧૯

બન્યા મુખઈના શેઠાણી, વદે નિષ્ઠુર એ વાણી,
કહું કથા માહારી, કહાણી, કહું શું આપદા મ્હેની ૪૦
રણું છું નિતિમાં રહીને, ખવાડું દુઃખ હું સહીને
કરૂં પુરૂં હું મન દઈને, કહું શું આપદા મ્હેની ૨૧
ગુજારી જીંદગી મારી, બળાપો હું કરૂં ભારી,
દીયો કોઈ દાદ નરનારી, કહું શું આપદા મ્હેની ૨૨
ચિંતા તણા તાપે અરે, યૌવન અરે દુભાય છે,
હાય પતિ પુરૂષાર્થ વિણ મમ હૃદય આ ચિરાય છે
(સ્નેહ મંજરી)

દુનિયામાં શું વધ્યું?

(અનુક્રમ) સવૈયા.

આજકાલ આ ચાલુ જમાને, વધ્યું અહા ફેશનનું માન,
રાગ વધ્યાને ડોકટર વધીયા, વધ્યા અહા સોપારી પાન.
મીજલસ ડેન્સ અને ક્રિકેટ, વધ્યું અહા મદીરાનું પાન,
સ્ટીક અને અંબ્રેલા વધીયા, અભક્ષા-ભક્ષ તણું વધ્યું ખાન. ૧

× × × ×

ન્યુસપેપર આર્ટીકલ વધીયા, વધી હોટલો અપરંપાર,
શુઝ વોચને હેટ વધી છે, વધી ઓટલો ઘરમોઝાર,

વધી ચહા શ્રીમની ને ચશ્મા, વધી સાયકલ મોટરકાર,
વધ્યા વાળ કેરોસીન તેલો, મફલર કોલર વધ્યા અપાર. ૨

× × × ×

વધ્યુ સોડા લેમનનુ પીણુ, વધી ઈર્ષા નિંદા ભલીભાત,
વધ્યા અહા ? કોપીને બીસ્કીટ વધી દલાલો કેરી જાત,
વધ્યા વકીલ બેરીસ્ટર આજે, અને સોલીસીટર ભલી ભાત,
વધી અહા ! ટેલરની શોપો, વધી ભીખારી સાધુ જમાત. ૩

× × × ×

દમામને અભીમાન વધ્યો હા ? વધ્યા પુત્રીનુ ધન લેનાર,
મદન ભક્ત લે ભાગુ સેવક, વધ્યા અહા મદીર મોઝાર,
વધ્યુ માન બેહદ સુંદરીનુ, વધ્યા માતને દુ ખ દેનાર,
વધ્યા હેર ઓઇલને અત્તર, કાચતણા વાસણો અપાર ૪

× × × ×

વધ્યા ખખડતા હાલ્લા ઘરમા, વધ્યો ભપકો બાહેર ભારી,
વધ્યા ઇશ્કી વિસ્કીના શોખીન, ઠગ જુગારી વ્યભીચારી,
વધ્યા બોર્ડ જાહેરખબરોના, પડદા નામ તણા ભારી,
સફેદ શાહુકારો હા વધીયા, સટ્ટાના હા વેપારી ૫

× × × ×

સીગરેટ ચીરૂટને બીડી, વધી અહા દારૂના વ્યસની અપર પાર,
રોઝબરી, જી જર, પીકમીઅપ, વધ્યા ડીસીઝ કેશીશ અપાર,
વધી અનિતી પશુઓ ઉપર, અને પક્ષિ ઉપર નીરધાર,
વધી નોકરી કેરી ઇચ્છા, વધ્યો અહા ! વેશ્યાપર પ્યાર. ૬

× × × ×

કોલર પીન નેકટાઇને ગેબીસ, પાટલુન સ્ટોકીંગ વધ્યા અપાર,
સાબુ લવંડર અને તમાકુ, વધી જમાનાની મોઝાર,
હિંસા, અધર્મ, નારી તકતાને, વધી અહા ? ફેશનની બ્હાર,
વધ્યા કલેશ કુસંપ અહાહા ? વધી આળસ નિંદ્રા આ ઠાર ૭

× × × ×

વધ્યા પોલકા અને સાડીઓ, બંગડીયો હા કાચ તણી,
વધી પરનારની ચેષ્ટા કરવી, વધી તનુદર્શક સાડી ઘણી,
વધ્યો ફેશ પાવડર ને દર્પણ, વધી સ્લીપરો ગૃહે ઘણી,
કામના પંથે વધી કામિની અને, ફેશન શૃંગાર ભણી. ૮

× × × ×

વધી એરીંગો નેકલેસ ઘર ઘર, વધી ફેશનની ચાહનારી
વધી વનિતા ચાલુ જમાને, પતિને હા ભૂપાનારી,
નીજ લીયરના સ્પીયર, ફેંકી ગાર્ડનમા વિચરનારી,
વિધ વિધ બની સૌ વિશ્વે ફેશનમા વિહરનારી. ૯

× × × ×

વૈદ્ય વધ્યાને ઉંટ વૈદ્ય હા, ખુરશી કબાટને વળી મેજ,
વધી મક્ષિકાડીસ્પેન્સરીમા, થયા ભાવ પંખાના તેજ,
વળી વિજળી કેરી બત્તિ, સૌ દીપક કરતી નિસ્તેજ,
કળી પ્રભાવે અનંગ વધીયો, ચહે સૌ પરનારીની સેજ ૧૦

(સ્નેહ મંજરી,)

મુંબઇની ઇમીટેશન શેઠાણી.

ત્હમે મુંબઈ વિષે આવ્યા, નિહાળી સર્વ હરખાયા.
છતા સાહેબ ઓ મારા, જુઓ મુંબઇની શેઠાણી ? ૧
અહા ! મુંબઇની અલબેલી, છકેલી કંઇક સુધરેલી,
લટકતી લાજને મ્હેલી, જુઓ મુંબઇની શેઠાણી ? ૨
કરે છે કંથ ઉઘરાણી, લખે નામું નયન તાણી,
છતા કહેવાય "શેઠાણી" જુઓ મુંબઇની શેઠાણી ? ૩
પતિ પરદેશમા આવે, પ્રિયાને પાસ તેડાવે,
પછી વહુ પાખ ફફડાવે, જુઓ મુંબઇની શેઠાણી ? ૪
ઘરે સસરો અને સાસુ ખરચ વિણ ખેરવે આંસુ,
જમે વહુ મિષ્ટ ફરમાસુ, જુઓ મુંબઇની શેઠાણી ? ૫
કુવેથી ખેંચતી પાણી, નણંદની સાચવે ભાણી
ડવે થઇ રાયની રાણી, જુઓ મુંબઇની શેઠાણી ? ૬
વળી મુંબઇ તણી નારી બતાવે ઠાઠ બસ ભારી,
ભલે વર થાય ભીખારી, જુઓ મુંબઇની શેઠાણી ? ૭
બને મુંબઇની શેઠાણી કરે પૈસા તણું પાણી,
રઝે વર ટાટીયા તાણી જુઓ મુંબઇની શેઠાણી ? ૮
સ્વદેશે કામ સૌ કરતી ખુશીથી ખાંડતી દળતી,
હવે "રામા" વિના રડતી જુઓ મુંબઇ શેઠાણી ? ૯
પતિ મીત્તેર લાવે છે, સકળ પત્નિ ઉડાવે છે,
છતા દેવું કરાવે છે જુઓ મુંબઇની શેઠાણી ? ૧૦

વસાવે નવ નવી સાડી, ફુલેલી ફેનસી ચોળી,
ખરીદે બૂટની જોડી, જુઓ મુબઇની શેઠાણી ? ૧૧
સુવાગીક તેલને અત્તર, રૂમાલો રાખતી સત્તર,
ગણે છે કોણ ત્યા ગણતર, જુઓ મુબઇની શેઠાણી ? ૧૨
કબાટો કે તીજોરીના છતા દશ બાર ચાવીના,
રૂપાના રાખતી ઝુડા, જુઓ મુબઇની શેઠાણી ? ૧૩
જશે નાટક તમાસામા અગર સરકસ સીનેમામા,
ગણે મ્હોટાઈ ભપકામા, જુઓ મુબઇની શેઠાણી ? ૧૪
સદા નરવી રહે નાડી, જતા કે જોઇશે ગાડી,
જશે લટકો કરી લાડી, જુઓ મુબઇની શેઠાણી ? ૧૫
કરે ઘરકામ સૌ ઘાટી પદમણી પાલવે જાતી,
અહા ? હોસે હવા ખાતી, જુઓ મુબઇની શેઠાણી ? ૧૬
નથી નારી સકળ એવી સતી કૈ છે સીતા જેવી,
દયા સૌભાગ્યની દેવી અસલ છે એજ શેઠાણી ? ૧૭
નકલ કરનાર શેઠાણી, સુણી ના કોપશો વાણી
હશે પરમાર્થિ ને શાણી ખરી મુબઇની શેઠાણી ૧૮
અપગો પર દયા આણી દુખીના દર્દને જાણી,
મદદ દેતા ન અચકાણી અહાહા ? એજ શેઠાણી ? ૧૯
સ્થિતિ સ્વામી તણી જાણીવિના "ઘાટી" ન ગભરાણી
શિયળવતિ વિનયવાળી ગુણો ગૃહરાજ્યની રાણી ૨૦
(મણિકાન્ત કાવ્યમાળા)

વાંઢાની વિનંતી.

(ગઝલ)

દયાળુ દીકરી વાળા દયા વાઢા પરે લાવો
દુખી છે જીદગી મારી કૃપાળુ કોઇ પરણાવો દયાળુ ૧

સુનુ ઘરબાર મારૂ છે વિના નારી અકારૂ છે
પરણવુ પ્રાણ પ્યારૂ છે હવે ના લેશ તરસાવો દયાળુ ૨

સકળ લોકો કહે "વાઢો" ભરૂસો તેહનો છાંડો
કહે છે લોક કે ગાડો તપેલાને નહી તાવો ? દયાળુ ૩

નગુના કોઈ સંગાથે અરેરે ? ગધવુ હાથે
વળી ઘરકામ તે સાથે કરૂ હુ કેમ બનલાવો ? દયાળુ ૪

કડાકુટ ઘર તણી કરવી નિયમસર નોકરી ભરવી
નથી નવરાશ બે પળની કરૂ કોના પરે દાવો ? દયાળુ ૫

હૃદયની વાત કયા કરવી પ્રિતિ પ્યાલી કહા ભરવી
ધીરજ તો કહા સુધી ધરવી નિવેડો તેહનો લાવો દયાળુ ૬

પ્રિયાના સ્વપ્ન આવે છે, મને મોજી બનાવે છે
પ્રભાતે તે સતાવે છે દયા તો કોઈ દરસાવો દયાળુ ૭

પિતા સૌ દ્રવ્યને ચ્હાયે ગુના ધન કાજ વેચાયે
અછત કન્યા તણી થાયે કુધારો કોઈ અટકાવો દયાળુ ૮

પુરો પૈસો નથી પાસે, અરેરે ? કેમ પરણાશે
કુવારી જીંદગી જાશે કરૂ હરરોજ પસ્તાવો ? દયાળુ ૯

સુતાનુ દ્રવ્ય લેનારા સુણો તમથી કસાઈ સારા
તમો પર શ્રાપ છે મારા હૃદયમા લાજ કૈ લાવો ? દયાળુ ૧૦

અહો કન્યા તણા વાલી પીવાડો પ્રેમની પ્યાલી
અરેરે ? દુ ખ ઘા ટાળી લઉં સંસારનો લ્હાવો ? દયાળુ ૧૧

વિનતી આ સુણો મ્હારી ગયો છુ હામ સૌ હારી
બનાવો કોઇ ઘરબારી નહિ તો હુ બનુ બાવો ? દયાળુ ૧૨

(મણીકાન્ત કાવ્યમાળા)

શેઠજીની કરૂણાજનક કથની.

(ગજલ)

સુધારાની મજા ન્યારો, જમાનો જાય છે ચાલી,
જુઓને આ દશા યારો, અમારી આમ બાબત છે. ૧

જુઓ મુંબાઈ તણી નારી, બતાવે ડોળ તે ભારી,
ફરે થઈ રાયની રાણી અમારી આમ બાબત છે ૨

દયાળુ મા અને બાપે લગન તો માહરા કીધા;
હિસાબો તેહના આપુ અમારી આમ બાબત છે ૩

હતી અમ દેશની અંદર, મ્હારી પ્રેમદા પ્યારી
અમે એને પાસ બોલાવી, અમારી આમ બાબત છે ૪

કરૂ કોઈ જાતનો ઓર્ડર, નથી તે ધ્યાનમા લેતી
ફરે થઈ તે મદમાતી, અમારી આમ બાબત છે ૫

બધા એ ઘર તણા કામો, અમો અમ હસ્તથી કરતા,
દુખી છે જીંદગી મ્હારી અમારી આમ બાબત છે ૬

ભરૂ મમ હસ્તથી પાણી, પછીથી ઉઠતી રાણી
ચલાવે હુકમો તાણી, અમારી આમ બાબત છે ૭

કરી દાતણ પછી ઘરમા, પદમણી પાટલે બેસે
પછીથી ચાહ તે માગે, અમારી આમ બાબત છે ૮

ઘરે વાસણ બધા માજુ, વળો હાથે બનાઈ રાધુ
કરે ભોજન પછી વ્હાલી, અમારી આમ બાબત છે ૯

કરી પત્ની તણી સેવા, દશે તો નોકરી જાવુ
પુરો પરતંત્ર ત્યા થાવુ, અમારી આમ બાબત છે ૧૦

બધા આ કષ્ટને લીધે, દુખી આ જીંદગી થાતી
ભલુ મરવૂ અરે એથી, અમારી આમ બાબત છે ૧૧

પંજાબ મુબાઇ તણી જોતા મુલ્ક કેશાન નહી ફરતા
પછી પસ્તાઇ અને રડતા, અમારી આમ બાબત છે ૧૨

પગાર પચીસતો આવે, પ્રિયા પાત્રીસ ખરચાવ
દયા દીલમા નહી લાવે, અમારી આમ બાબત છે ૧૩

બતાવે દમ ઘણો નારી, બતાવે હુકમો ભારી,
ફરે નીત બાગમા પ્યારી, અમારી આમ બાબત છે ૧૪
ઘરેણા નવનવા માગે, વખત પર હાડકા ભાગે,
કહે શુ કામ પરણ્યાતા, અમારી આમ બાબત છે ૧૫
દરદ નીત્યે નવુ થાયે, રહુ હુ ઘેર જ્યા સુધી,
કરે છણકા ખરા ખોટા, અમારી આમ બાબત છે ૧૬
પથારીમા પડી રહેતી, મીઠાઈ મોજથી ખાતી,
દુ:ખી મમ જીંદગી થાતી, અમારી આમ બાબત છે ૧૭
ભરૂ નિત્ય બીલ વૈદ્યાના, છતા સાજી નથી થાતી,
ચલાવે ઢોંગ મદમાતી, અમારી આમ બાબત છે ૧૮
ખરીદી હાથથી કરતી, લખાવી નામ પર મારા
કહો બીલ ક્યા થકી ભરવુ, અમારી આમ બાબત છે ૧૯
મગાવે અવનવી ચીજો, અમારે લાવવી ક્યાંથી,
નથી પેદાશ કઇ થાતી અમારી આમ બાબત છે ૨૦
પથારી પ્રેમથી કરવી, પ્રિયાને હાજરી ભરવી,
નથી નવરાશ પણ પળની અમારી આમ બાબત છે ૨૧
ગુમાવી દેશની મુડી ચડી પરદેશમા આવ્યા
છતા ખુશ ના થઇ નારી, અમારી આમ બાબત છે ૨૨
હતી આ દેશની અંદર, બધા એ કામ ત્યા કરતી
નથી અહી કોઈથી ડરતી, અમારી આમ બાબત છે. ૨૩

વખત વિચારીને રડા, કરે દર્શનનુ બહાનુ,
સીધાવે યારના ઘરમા, અમારી આમ બાબત છે ૨૪

યારોથી તે લઈ નાણા, લુટાવે માલ યૌવનનો,
ભરે પાછા ઘરે પગલા, અમારી આમ બાબત છે ૨૫

હમેશા આટલી મોડી, કહે ક્યાથી તુ આવે છે.
ગયા છે બાર જો વાગી, અમારી આમ બાબત છે. ૨૬

થયા દર્શન બહુ મોડા, ભર્યાતા ફુલ હિંડોળે,
થાતીતી મેહની ઝાઝી, અમારી આમ બાબત છે. ૨૭

સખી એક મદીરે આવી, મુને સગાથે બોલાવી,
તજો કચકચ તમે ખાલી, અમારી આમ બાબત છે, ૨૮

મટી જગલી બનો શહેરી, મવાલી ક્યા સુધી રહેશો,
પથારી કેમ નથી કીધી, અમારી આમ બાબત છે. ૨૯

સુતા જઈ ભોંય શેઠાણી, જણાવી રીસ ઉપરથી,
પતિને રોફમા દાબી, અમારી આમ બાબત છે ૩૦

(મુબઈની શેઠાણી)

અમારૂં દિલ દાઝે છે.

(ગઝલ)

દીઠી શાણી સતી નારી, પતિ સેવા મહીં મશગુલ,
પરંતુ જોઇને વિઘ્નો, અમારૂ દીલ દાઝે છે ૧
કજોડાની ક્રિયા દીઠી, સ્ત્રીઓની વેદના જાણી,
અહો એ બાળ લગ્નોથી, અમારૂ દીલ દાઝે છે ૨
અવિદ્યા વ્હેમના જાળા, વળી ભક્તિ તણા ઢોંગો,
અને વ્યભીચાર વૃત્તિથી, અમારૂ દીલ દાઝે છે ૩
ઘણા ઘરમા થતા કજીયા, સ્વસુર પક્ષો બને ક્રુરા
વધુ ચાકર સમી પેખી, અમારૂ દીલ દાઝે છે ૪
અતિ ઉત્તમ ગુરૂ મંત્રો, સ્વરૂપ જુદે સ્થપાયા છે,
દશા આવી કીધી જોઈ, અમારૂ દીલ દાઝે છે ૫
ભુદેવો પણ મચ્યા રહે છે, અરે'રે ભીખ પર રાચી,
નથી કો બોધ દેનારૂ, અમારૂ દીલ દાઝે છે ૬
પ્રભુ આ હીંદની સ્થિતિ, તને શું એ મઝા દેતી ! !
નથી તું પણ જરા જોતો, અમારૂ દીલ દાઝે છે ૭

(માસ્તર–મણિશંકર–સાણંદ,)

કહ્યું માનો પતિ મારા.

[ગઝલ]

અરે પ્યારા, અરે પ્યારા, તમે મમ નયનના તારા,
કરે વિનતી આ દીનદારા કહ્યુ માનો પતિ મ્હારા ૧

બન્યા લપટ તજી દારા, વ્યભીચારે પિયુ મ્હારા,
પર સ્રી માહિ મોહનારા, કહ્યુ માનો પતિ મારા ૨

તજી નિતિ તમે ચાલો, કુછ દે અન્યથી મ્હાલો,
અરિરૂપ નિજ પ્રિયા ભાળો, કહ્યુ માનો પતિ મારા, ૩

તજી નીજ ઘર તણા મેવા, વિષય વિષની કરો સેવા,
નિસામા નારના લેવા કહ્યુ માનો પતિ મારા. ૪

તજી ઇજ્જત લઇ અપયશ, પર સ્રીમા બની રસ બસ,
ગુમાવ્યુ દ્રવ્ય રૂપ રસ કસ, કહ્યુ માનો પતિ મારા, ૫

લોકની લાજ નહી ધારી, શરમ પર ફેરવ્યુ વારી,
કલંકિત કયા બન્યા ભારી, કહ્યુ માનો પતિ મારા ૬

ધરી પરનારમા યારી, કરો તનધન તણી ખ્વારી,
બનીને હા ! વ્યભીચારી, કહ્યુ માનો પતિ મારા. ૭

સુત પિતુ માત ને નારી, દીધો સૌને હા ! ધીક્કારી,
શું ? કરો પરનારીની યારી કહ્યુ માનો પતિ મારા. ૮

કરજ કરી ધન ઉડાવો છો, અને લપટ કહાવો છો,
અમોને કા રીબાવો છો, કહ્યુ માનો પતિ માગ ૯
નહી નહી સ્વામી મહોબત એ ન મહોબત પણ મુશીબત એ
પિયુષ નહી પણ હળાહળ એ, કહ્યુ માનો પતિ માગ ૧૦
અરે મમ હસ્ત ઝાલીને, દીધો દુખડા કયા ભાળીને,
અરે અતર બાળીને, કહ્યુ માનો પતિ મારા ૧૧
તમોને પરણીને સ્વામી કદાપી સુખ ના પામી
હ્રદયમા વેદના જામી, કહ્યુ માનો પતિ માગ ૧૨
તમે શિરતાજ છો મારા, ભરો કા પાપના ભાગ
તજો ના દીન આ દારા, કહ્યુ માનો પતિ માગ ૧૩

* * * *

જીવી જગ સાર્થક કરો, પરનારીમા મન ના ધરો,
પરનારીમા ચિત જો ધરો, વિણુ મ્હોતે હાજતમાં મરો, ૧
મનુષ્ય દેહ મણી મલ્યો, જીવન કલકીત કા કરો,
નરદેહ એળે ખોઇને, મમત્વમા શીદને મરો, ૨
(સ્નેહ મજરી)

એક જંજાળી જીવડાની તૃષ્ણાનું પ્રાબલ્ય,

ગુરૂરાજ મારા ઘડપણમાં ગોવિંદ ગુણ ગાશું
હમણા નથી નવરાશું. (એ રાગ)

મોટો છોકરો વિલાયત ગયો છે, ન્હાનો છોકરો જુગારી થયો છે
એવો ધમરોળ મચી રહ્યા છે, ગુરૂરાજ મારા ઘડપણમા ૧
સાઠ લાખની પૂંજીમા શુ કરીયે, સાઠ અજબ ત્યારે ઘેર ભરીયે,
ત્યારે કાંઇક શાન્તિ મનમા ધરીયે, ગુરૂરાજ મારા ઘડપણમા. ૨
યુરોપ, આફ્રિકા સુધી વિચરશુ, આસ્ટ્રેલીયાનુ સોનુ સંઘરશુ,
અમેરિકાની લક્ષ્મી લાવી ઘર ભરશુ, ગુરૂરાજ મારા ઘડપણમા ૩
હજી થાશુ હજાર મીલવાળા, હજુ બાંધવા છે બારશે માળા
તેમા કયાથી ફેરવીયે માળા, ગુરૂરાજ મારા ઘડપણમા ૪
નાત જાતના સુધારા કરવા છે, હજી કંઇકના ભુંડા કરવાં છે
પછી કોની અમારે પરવા છે, ગુરૂરાજ મારા ઘડપણમા. ૫
થઇ સાઠ વર્ષની ઉમ્મર અમારી, તે શુ આંખે ન્હડી છે તમારી,
હજુ પરણવી છે નવી નારી, ગુરૂરાજ મારા ઘડપણમા ૬
નાત જાતના કરશુ સુધારા, હજુ થાશુ અજબ મનવાળા
પછી સુખે ફેરવશુ માળા, ગુરૂરાજ મારા ઘડપણમાં ૭
કરજોડી કવીજન કહે છે, જે જન તૃષ્ણા નદી તરે છે
તે મોક્ષ પુરીને વરે છે, ગુરૂરાજ મારા ઘડપણમા ૮

પરમાર્થ એજ જીંદગીની ખરી મોજ શોખ છે.

— ગઝલ —

પ્રભુએ જો ત્હને આપ્યુ અમોને દાન દેતો જા,
અપંગો આશરો માગે, અરે આશિષ લેતો જા પ્રભુ ૧

વિકારોથી ભરી દુનિયા રૂપિસહરા તણા ગણુમા
વહે પરમાર્થનુ વારિ ભરી પ્યાલીજ પીતો જા પ્રભુ ૨

અરે ! સંસાર અર્ણવ આ અતિ મસ્તાન તોફાને,
સખાવતની તરે હોડી ધરી ધનવાન તરંગે જા પ્રભુ ૩

હજારો રૂપિયા ભાઈ મજાહુમા તુ ઉડાવે છે,
લખ્યુ જે કિસ્મતે ત્હારા અરે કંઈ ધર્મ કરતો જા પ્રભુ. ૪

હરિ દરબારમાં જાવા મુસાફિર છે મજલ મોટી.
ભલા સત્કર્મનુ ભાથુ, અરે ઓ ભાઈ કરતો જા પ્રભુ ૫

અમોને ટંકનુ ભોજન ત્હમારી પાન સોપારી
દયા દીલમા વસે જો તો વિનતી ધ્યાન ધરતો જા પ્રભુ ૬

અમોને અન્ન ના મળતુ અપંગો શુ કરી શકીએ,
અને તુજથી બિરાદર તો અમારૂ કષ્ટ હરતો જા પ્રભુ ૭

અમોને જે અપાશે તે વવાશે ધર્મના ક્ષેત્રે,
મળે આ પુણ્યનુ ટાણુ અહા સ્નેહે ઉજવતો જા પ્રભુ. ૮

અમારા કર્મને યોગે અમો આ કાળ ભોગવીએ,
હૃદયમા રહેમ લાવીને ફરજ ત્હારી બજવતો જા પ્રભુ ૯
અમોને અન્ન જો મળશે, ત્હમારી વાચ્છના ફળશે.
પ્રભુ ત્હારૂ ભલુ કરશે જરા અમને રીઝવતો જા પ્રભુ ૧૦
(મળેલુ)

કુવારાનું સ્વપ્નુ.

(આખ વિનાનુ અધારૂરે એ રાગ.)

મૈરી વિના ઘેર તાળુરે, સદાય મ્હારે બૈરી વિના ઘેર તાળુ,
એ તો કર્મ વિનાનુ અધારૂ રે સદાય મારે ૧
કોઇ કહે છે લાલ લીલુ, કોઈ દેખે છે રગ રગીલુ,
મારે મન સબ કાળુ કાળુ રે સદાય મારે ૨
વહેલો ઉઠુ છુ જ્યારે, દળવુ પડે છે ત્યારે,
મારે હાથે વાસીદુ વાળુ વાળુ રે સદાય મારે. ૩
વાસણ માજુ છું હાથે, પાણી લાવું છું માથે,
કપડા ધોવાને કુવાનુ થાળુ થાળુ રે સદાય મારે. ૪
એવા દુખ કોને કહીએ, લોકમા વાઢા કહેવાઇયે,
એ તો જીવતર થયું છે ભાઇ ખારૂં રે. સદાય મારે. ૫

રાતુ લુગડુ ન ભાળુ, કેને જોઈ મન વાળુ,
ત્યાં નો કર્મ વિનાનું અંધારૂ રે સહાય મારે ૬

કપડાં ધોઇને હુ તો, જઇને કુવાપર સુતો,
ત્યા એક સ્વપ્ન વિચિત્ર ભાળુ ભાળુ રે સહાય મારે. ૭

પાચ દશ નાતિલા આવ્યા, પરણવા બૈરી લાવ્યા,
મારૂ ભાગ્ય ભાળુ ઉજમાળુ ઉજમાળુ રે સહાય મારે ૮

નાતિલા કહે છે મને આ બૈરી શોભે છે ત્હને,
ત્યા તો ખુશી થઇ નિહાળુ નિહાળુ રે સહાય મારે ૯

ત્યાને ત્યા રૂપીયા દીધા, ખુશી થઈ નાતિલે લીધા,
હવે તો લગ્ન તણી વાત ધારૂ ધારૂ રે સહાય મારે. ૧૦

અંતર મનસુબો કીધો, પરણવા લ્હાવ લીધો,
મને તો દુખનુ મોં લાગ્યુ કાળુ કાળુ રે સહાય મારે. ૧૧

બાળક બે ચાર થાશે બાપા કહી બેસે પાસે,
એવા રંગ તરંગ મન ધારૂ રે, સહાય મારે. ૧૨

લાયક આ જોડુ મળીયુ, હવે મારૂ ભાગ્ય ફળીયું,
સ્વપ્નામા ચિત્ર વિચિત્ર ભાળુ ભાળુ રે સહાય મારે. ૧૩

લગન લીધુ છે જ્યારે, સોનાનો સુરજ મ્હારે,
હવે ઘોડાને એડી મારૂ મારૂ રે સહાય મારે ૧૪

ગોથુ આવ્યું છે ભારી, ઊંઘ ઉડી ગઈ મ્હારી,
પડયો કુવામા દેખું થાળુ થાળુ રે. સહાય મારે. ૧૫

પાંચ શેર પાણી પીધું જયાં નાતિલા દેખું ક્યાથી ત્યાં,
બૈરીને તો ક્યાથી જ ભાળુ ભાળુ રે સદાય મારે ૧૬

જળમય કુવોજ દેખુ ઉપર આકાશ પેખું,
ત્યાં તો દુખનુ વાદળ કાળું કાળું રે સદાય મારે ૧૭

હરિનું સ્મરણ સાચું માયાનુ બંધન કાચું,
હવે સ્વપ્નના સંભ્રમ ટાળું ટાળું રે સદાય મારે ૧૮

બાપકી કમાઇ ખેલમાં ગબ્વાઇ.

તમાસા દેખનેકો હમ રોજ નાટકમે જાતે હૈ,
નહીં અપની કમાઇ બાપકી કમાઈ લુટાતે હૈ ૧

શરાબે આગવાની રાતદીન મહેફિલમે ધુલતી હૈ,
કભી પીતે હૈં હમ ચંડુલ કભી અયફીણ ખાતે હૈ ૨

કભી મોકા નહી મીલતા નમાઝે સુબ્હ પઢનેકા,
કે હમકો દશ બજે કે બાદ ઘર વાલે જગાતે હૈ. ૩

હમેશા દાલ ચાવલ ગોસ્ત મુર્ગી ઘરમે પકતે હૈ,
મગર ખાના દો વક્ત જાકે, હમ હોટલમે ખાતે હૈ ૪

બહોત કુચ વ્હાહે સોડા દોસ્તોમેસીર્ફ હોતા હૈ,
મહિનેમે કે સો રૂપિયેકા બિલ હમ ચુકાતે હૈ. ૫

દિવાલેભી નિકાલે ઔર હમને ટાટ ભી ઉલટા,
મગર ઇઝત રહી કાયમ કે બેપારી કહાતે હૈ ૬
ન ધંધે સે ગરજ હમકો ન કછુ બેપારસે મતલબ
તમામ કારોબાર ઈસ વખ્ત મહેતાજી ચલાતે હૈ ૭
પરિન્દો કા આજ હોગા પરિશાંબા હૈ,
તમાશા દેખને હાજી અલીમે હમ ભી જાતે હૈ ૮
યે જીતને શેઠ હૈ ભુલે ચુકે હૈ અપની હસ્તીકો;
ખુશામદ કરનેવાલે અરિ પર ઇનકો ચરહાતે હૈ ૯
નહિ ડરતે હૈ આંખો ચશ્મી મર્મો ઔરતકે,
ખરા ખોટાનો અર્થ "સૈયદ" કભી હમજો સુનાતે હૈ. ૧૦
(નિલમ અને માણેક ભાગ ૭)

—પ્યારી મ્હારી સનમ મધુરી—

(વસંત તિલકા)

પ્યારિ મારી સનમ્ મધુરી, રે જે કયાં તું છુપાઈ,
વિરહે તારા ટળવળી મરૂં, અંતરે હું મુઝાઇ,
દીલે ચોટી રસિક પ્રતિમા, કોતરાઈ અને એ,
ધ્યાને ધારૂ દરસને, કદિ રાજી કરે છે ૧

× × × ×

ત્હોયે મારા વ્યથિત, ચિતની ખામીને કારણેથી,
ધ્યાને આવી સરી જતી, અહા’ ચિત્તડુ એથી
અહા’ વ્હાલી પુનર મધુર, મુખનુ દર્શ આપી,
જો જે નિત્ય મુજ હૃદયને, કષ્ટની વાડ કાપી ૨

× × × ×

નાના ત્હારૂં સ્મરણુ કરતા મુખ આ બંધ થાતું,
આંખે ત્હારી છબી નીરખતાં પ્રેમ વારિ છવાતું,
આખે દીલે કમ કમી છુટે, ઉછળે ઉર મ્હારૂં,
પ્રેમે પ્યારી રટણુ કરતો, જીભથી માત્ર ત્હારૂં ૩

× × × ×

ત્હોયે તું શુ દૂર દૂર ખસે, કયા છુપાતી રસિલી,
હું દુ:ખીનુ હૃદય પરખી, શુ હશે સ્નેહ ભીની,
ત્હારા વિના નહી અવર કઇ, આશ દીલે ધરાતી,
હા’ હા’ પ્રેમી સનમ્ રસીલી છે’ છબી કોતરાઇ. ૪

(માસ્તર, મણિશંકર—સાણંદ.)

સમાપ્ત

શેઠજીની—ધેઠાઈ.

ચંડી ચંડનો તનુજ કહે થઈ ધાજી રાજી
માજી હું ગયો નજીક શેઠજીની મેડીના
હરખની વાત માત શી કહું જો આજ તણી
છોકરા છ સાત સાથે હતા મારી કેડીના

એવે સમે નગરના શેઠજી હવેલીમાંથી
આવીને ઉભા નજીક બારીની કેડીના
પછી મને આપોઆપ શેઠજીએ બોલાવીયો
મેલું બા, જઈને કૂતરાં હાંક્યરે ગપેડીના.

(દલપત કાવ્યમાંથી.)

સામાજીક-નૈતિક અને ધાર્મિક વિષયોથી ભરપૂર.

અમારાં લોકપ્રિય પુસ્તકો.

		કીંમત.
૧ સંસારદર્શન (પાકા પુંઠામાં)	...	૧—૪—૦
૨ વિનોદીની અને કમલીની ...	...	૦-૧૦—૦
૩ ડૉકટર ઘનચક્કર... ...	...	૦-૧૦—૦
૪ શ્રી રામચરિત્ર	. .	૦—૮—૦
૫ સહેલી પાચ વાર્તાઓ ...	.	૦—૮—૦
૬ આનામાળા સીરીઝ (અંક ૧૨)	...	૧—૪—૦
૭ મહાત્મા તુલસીદાસનું જીવનચરિત્ર...		૦—૪—૦
૮ રમૂજમાળા (વાર્તાઓ) ..	...	૦—૪—૦
૯ અલીબાબા અને ચાલીસ ચોર.	.	૦—૪—૦

પોસ્ટેજ માફ.

ઉપરનાં પુસ્તકો મંગાવનારે નિચેને શિરનામે પત્રવ્યવહાર કરવો.

શાહ અંબાલાલ છગનલાલ C/o ગુજરાતી પંચની ઓફીસ પાચકુવા-ચાર રસ્તા અમદાવાદ.	શાહ પિતાંબરદાસ ઝવેરદાસ પોસ્ટ-વડાગામ, મુ વડાગામ. વાયા-તલોદ એ. પી રેલવે.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા સોમાલાલ મંગળદાસે છાપ્યું
પાચકુવા-અમદાવાદ.